GJAH150002402025

| | |
|---|---|
| કેસ મળ્યા તારીખ | ૧૮–૦૩–૨૦૨૫ |
| કેસ દાખલ તારીખ | ૧૮–૦૩–૨૦૨૫ |
| કેસ ફેસલ તારીખ | ૨૭–૦૩–૨૦૨૬ |
| અવધિ | વર્ષ માસ દિવસ |
| | ૦૧ ૦૦ ૦૯ |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179–A અન્વયેના નોટીફીકેશન નં. સી–૨૦૦૧–૯૩, તારીખ– ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમાં મુજબ.**

**<u>FORM–A</u>**

---

**દેત્રોજના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુ.મેજી.ફ.ક., સાહેબની કોર્ટમાં, દેત્રોજ**

---

**શ્રી એચ.એસ.રાઠોડ, પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુ.મેજી.ફ.ક., દેત્રોજ**

---

**(ચુકાદા તારીખ– ૨૭–૦૩–૨૦૨૬)**

**ક્રિમીનલ કેસ નં. ૧૯૬/૨૦૨૫**

**આંક–**

| એફ.આઈ.આર.ની વિગતો/ ગુનો અને પોલીસ સ્ટેશન. | |
|---|---|
| પોલીસ સ્ટેશન | દેત્રોજ |
| ગુનો | ધી પ્રોહીબીશન એક્ટની કલમ ૬૫–એફ મુજબ |
| તહોમતનામા મુજબ તહોમત | ઉપર મુજબ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી | શ્રી સૈયદ |
| આરોપી/આરોપીઓ | વિજયસિંહ પુનભા સોલંકી રહે.ઈન્દીરાપુરૂ(ભંકોડા), તા.દેત્રોજ, જી.અમદાવાદ |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી | એસ.એ.પરમાર |

# **FORM–B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૯–૦૨–૨૦૨૫ |
| ફરીયાદની તારીખ | ૧૯–૦૨–૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૧૮–૦૩–૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યા તારીખ | ૧૨–૧૨–૨૦૨૫ |
| પુરાવો શરુ કર્યા તારીખ | ૨૨–૦૧–૨૦૨૬ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ | – |
| ચુકાદા તારીખ | ૨૭–૦૩–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. |

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ઘરપકડની તારીખ | જામીન મુકિતની તારીખ | ક્યાં ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર? | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમય ગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મજુબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | વિજયસિંહ પુનભા સોલંકી | ૨૧–૦૨–૨૫ | ૨૧–૦૨–૨૫ ના રોજ જામીન મુક્ત થયેલ છે. | ધી પ્રોહીબીશન એક્ટની કલમ ૬૫–એફ મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુકતો હુકમ કરવામાં આવેલ છે. | – | – |

# FORM–C

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરીયાદપક્ષ તરફે ફરીયાદપક્ષનો મૌખિક પુરાવા

| અનુ.નં. | વિગત | | આંક |
|---|---|---|---|
| ૧ | રણધિરસિંહ ભારતસિંહની જુબાની | ફરીયાદી | ૧૦ |
| ૨ | ભરતભાઈ ભગવાનભાઈની જુબાની | પંચ સાહેદ | ૦૮ |
| ૩ | કુલસંગ હપુજી ની જુબાની | પંચ સાહેદ | ૧૨ |
| ૪ | ગણેશભાઈ કાળુભાઈ ની જુબાની | ત.ક.અમલદાર | ૧૫ |

### (બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

### (સી) કોર્ટ સાહેદ જો હોય તો,

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

<u>ફરીયાદપક્ષ તરફ આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા</u>

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૧ |
| ૨ | પંચનામું | ૦૯ |

<u>બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો</u>

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

<u>કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા</u>

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>મુદ્દામાલની વિગત</u>**

| અનુ.નં. | વિગત |
|---|---|
| ૧ | મુ.પા. નં. ૧૧૧૯૨૦૧૭૨૫૦૦૬૭/૨૫ તા. ૧૯-૦૨-૨૦૨૫ માં જણાવ્યાં મુજબ |

**-::જજમેન્ટ::-**

**(૧)** ફરીયાદપક્ષની ટુંકમાં હીકકત તથા પોલીસ કાર્યવાહી: આ કામના આરોપીએ તા. ૧૯.૦૨.૨૫ ના ક. ૧૩.૩૦ ના રોજ મોજે ઈન્દિરાપરુ(ભંકોડા) વગર પાસ પરમીટે પોતાના કબ્જા ભોગવટામાં ગેરકાયદેસર રીતે દેશી દારૂ ગાળવાનો વોશ લીટર ૨૦૦ કિ.રૂ ૫૦૦૦/- નો મુદામાલ રાખી પ્રોહી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી તથા પાછળ થી તા.૨૧.૦૨.૨૦૨૫ ક.૧૨/૦૦ પકડાઈ જઈ ગુનો કર્યા છે. જે મતલબની ફરીયાદ આ કામના ફરીયાદીએ પોલીસમાં ફરીયાદ આપતા, સદરહું દેત્રોજ પો.સ્ટે.ગુ.રજી.નં. ૧૧૧૯૨૦૧૭૨૫૦૦૬૭/૨૫ તા. ૧૯-૦૨-૨૦૨૫ થી ધી પ્રોહી કલમ ૬૫ એફ મુજબના ગુનાની નોંધ કરી, ત.ક. અમલદાર દ્વારા ગુનાની તપાસ કરતા, જરૂરી પંચનામા કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, આરોપી સાથે પુરતો પુરાવો મળતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)** ગુનાનુ સંજ્ઞાન તથા તહોમતનામુ- આ કામના આરોપી વિરૂધ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની ધી પ્રોહી કલમ- ૬૫ એએ મુજબના ગુના અંગે સંજ્ઞાન લઈ સમંસ કાઢવામાં આવેલ. આરોપી ન્યાયાલય સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આંક-૮ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી, આંક-૯ મુજબ આરોપીના ગુનાની કબુલાત અંગે જવાબ નોંધવામાં આવેલ. આરોપીએ ગુનો કબુલ કરવાનો ઈનકાર કરતા આરોપી વિરૂધ્ધ ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**(૩)** ફરીયાદપક્ષ તરફે પુરાવો– આ કામે ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં ઉપરોક્ત જણાવેલ મૌખિક તથા પુરાવો રજુ કરેલ છે.

**(૪)** ત્યારબાદ, ભારતીય નાગરીક સુરક્ષાની કલમ ૩૫૧ મુજબની જોગવાઈઓ અન્વયે આરોપિનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારબાદ પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળી તથા રેકર્ડ ઉપરના પુરાવા ધ્યાને લીધા.

**(૫)** દલીલો– ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ. ફરીયાદપક્ષે આરોપીને સખ્ત સજા કરવા અરજ કરેલ તથા આરોપીના વિ.વ.શ્રીએ આ કામે ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીને નિર્દોષ છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**(૬)** મુદ્દા તથા તેના ન્યાયિક નિર્ણય: સદર કામે રજુ થયેલ પુરાવા, કેસની હકીકત કાયદાકીય જોગવાઈઓ વિગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>::– મુદ્દાઓ –::</u>**

**(અ)** શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૧૯.૦૨.૨૫ ના ક. ૧૩.૩૦ ના રોજ મોજે ઈન્દિરાપરુ(ભંકોડા) વગર પાસ પરમીટે પોતાના કબ્જા ભોગવટામાં ગેરકાયદેસર રીતે દેશી દારૂ ગાળવાનો વોશ લીટર ૨૦૦ કિ.રૂ ૫૦૦૦/– નો મુદામાલ રાખી પ્રોહી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી તથા પાછળ થી તા.૨૧.૦૨.૨૦૨૫ ક.૧૨/૦૦ પકડાઇ જઇ ગુનો કર્યા છે. જે મતલબની ફરીયાદ આ કામના ફરીયાદીએ પોલીસમાં ફરીયાદ આપતા, સદરહું દેત્રોજ પો.સ્ટે.ગુ.રજી.નં. ૧૧૧૯૨૦૧૭૨૫૦૦૬૭/૨૫ તા. ૧૯–૦૨–૨૦૨૫ થી ધી પ્રોહી કલમ ૬૫ એફ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

**(બ)** શુ હુકમ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આવેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**<u>::– નિર્ણયો –::</u>**

**અ. નકારમાં.**

**બ. આખરી હુકમ મુજબ**

**<u>::– કારણો –::</u>**

**<u>(૮) નિર્ણય માટેના કારણો: મુદ્દા નં. ૧ અને ૨ :</u>**

(૮.૧) આ કામે આરોપી સામે નો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્ર નો મુળભુત સિધ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપી સામેનો ગુન્હો સાબિતના થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવુ માનવું જોઇએ અને ફરીયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદપક્ષ ના સકારાત્મક પુરાવા થી શંકા થી પર સાબિત કરવું જોઇએ.

(૮.૨) આ કામે આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફથી ફરીયાદી આંક–૧૦ થી રણધિરસિંહ ભારતસિંહને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદપરની જુબાનીમાં ફરીયાદ મુજબની હકીકતનો સમર્થન આપે છે અને ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવે છે જે આંક–૧૧ થી રજુ છે. પરંતુ ઉલટ તપાસમાં તેઓએ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,બનાવવાળી જગ્યાની આજુબાજુ જાહેર વિસ્તાર છે અને ત્યાં માણસોની અવર જવર રહેતી હોય છે. રેડવાળી જગ્યાએથી કોઇ ઇસમની અટક કરેલ નહીં. મુદામાલ બીનવારસી મળી આવેલ. તે સિવાયની અન્ય હકીકતોનો ઇન્કાર કરેલ છે.

(૮.3) આ કામે પંચ સાહેદ ભરતભાઇ ભગવાનભાઇ રાવળ ને આંક–૦૮ થી તથા પંચ સાહેદ કુલસંગ હપુજી ઝાલા ને આંક–૧૨ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં આંક–૦૯ વાળા પંચનામા માં તેમની સહી ઓળખી બતાવેલ છે, પરંતુ તેઓએ તેમની જુબાનીમાં પંચનામાની હકીકતનો લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી સાહેદને ફરી ગયેલા જાહેર કરી ભારતીય

પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ ૧૫૪ અન્વયે ઉલટ તપાસ કરવા છતાં તેઓની જુબાનીમાંથી કોઇ ફળદાયક તથ્ય રેકર્ડ પર લઇ આવી શકેલ નથી. વધુમાં સદર હુ સાહેદોએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે, તેઓએ પંચનામા વિશે કશુ જાણતા નથી અને તેઓએ માત્ર તૈયાર લખાણ પર સહી કરેલી તે સિવાય બીજું કઇ જાણતા નથી.

(૮.૪) આ કામના આરોપીઓ વિરૂધ્ધનું તહોમત નિ:શંકેપણે પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફથી તપાસ કરનાર અમલદાર આંક–૧૫ થી ગણેશભાઇ કાળુભાઇ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ પરની જુબાની માં ફરીયાદ મુજબ ની હકીકતોને સમર્થન આપે છે. પરંતુ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ જાહેર વિસ્તાર છે અને ત્યાં માણસોની અવર જવર રહેતી હોય છે. રેડવાળી જગ્યાએથી કોઇ ઇસમની અટક કરેલ નહીં. હાલના આરોપી પાસેથી કોઇ મુદામાલ મળી આવેલ નહીં. પોલીસ સાહેદ સિવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધા નથી.તે સિવાયની અન્ય હકીકતોનો ઇન્કાર કરેલ છે.

(૮.૫) આ કામે આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ ૬૫ એફ મુજબના ગુનાનું તહોમત છે તેથી કલમ ૬૫ એએ વંચાણે લેવી જરૂરી છે.

**૬૫(એ)(એ)**:– અલ્પ માત્રામાં કેફી પદાર્થ કબજામાં રાખવા વિગેરે માટે શિક્ષા:– કલમો ૬૫ અને ૬૬ માં ગમે તે મજકુર હોય તે છતાં, જો કોઇ વ્યક્તિ, રાજ્ય સરકારે રાજપત્રમાં જાહેરનામાની નિર્દિષ્ટ કાર્ય પ્રમાણેના જથ્થામાં કોઇ કેફી પદાર્થ વેચે, ખરીદે, કબજામાં રાખે અથવા હેરફેર કરે, તેને દોષિત ઠર્યે, આવા દરેક ગુના માટે, કેદ કે ત્રણ વર્ષની મુદત સુધી લંબાવી શકાશે અને દંડની સજા પણ થશે.

ઉપરોક્ત કલમ વંચાણે લાવામાં આવે તો સદર હુ કેસ આરોપીના કબજા માંથી કોઇ દારૂનો મુદ્દામાલ મળેલ હોય તેના ઉપર આધારિત છે.

(૮.૬) આ કામે રજુ થયેલ પુરાવાનું તુલનાત્મક મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષે જે મુદ્દામાલ મળી આવ્યો તે આરોપીની માલીકીની જ હોય તેવુ કહી શકાય નહી. તેથી આરોપીનો મુદ્દામાલ સાથેનો સભાન કબજો સાબિત થતો નથી. ફરીયાદમાં પુરાવો વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારવા માટે ફરીયાદપક્ષ ના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાનું સમર્થન હોવુ આવશ્યક છે પરંતુ આ કામે પંચ સાહેદોને તપાસેલ નથી તથા આ કામે અન્ય કોઇ સ્વતંત્ર સાહેદ કે સાંયોગિક પુરાવા પરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા નહી હોવાનું પ્રથમ દર્શનીય ફલીત થાય છે તેથી પ્રોહીબીશન આ ગુનાના કામે અગત્યના સાહેદ કે જેનાથી પંચનામું સાબિત થઇ શકે તેવા કોઇ સચોટ પુરાવો લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. તેમજ પંચનામું જો પુરવાર થઇ સકતું ન હોય તો તેવા સંજાગોમાં મુદ્દામાલ ની રીકવરી પણ પુરવાર થઇ શકે નહી.

આ સંદર્ભે નામ.ગુજરાત ઉચ્ચ અદાલતના ચુકાદા સ્ટેટ ઓફ ગુજરાત વિ. રઇજભાઇ ચતુરભાઇ સોલંકીના પેરા ૭[1] માં જણાવેલ છે કે,

> *" The real principle is that where the presence of panchas is obligatory at the time of search the evidence of police officer conducting search must ordinarily be corroborated and that if there is no such corroboration ordinarily a conviction should not rest solely on uncorroborated testimony of police officer who conducted search."*

સદરહુ ચુકાદાને ધ્યાને લેવામાં આવે તો તપાસ કરનાર અમલદાર તેઓની જુબાનીમાં પંચનામા ને પુર્ણ સમર્થન આપે તો પણ પંચોનું પંચનામા ને સમર્થન આપવું અનિવાર્ય છે. જો પંચનામું પુરવાર ન થાય તો ફરીયાદપક્ષ તેઓના રીકવરી પર નિર્ભર કેસ

---

1 1 1960 (0) AIJEL-HC 212346

આરોપી સામે પુરવાર કરી શકશે નહી અને તેમજ તેના પર આધાર રાખી આરોપીને દોશી ઠરાવી શકાશે નહી.

(૮.૭) વધુમાં આ કામે કબજે કરેલ મુદ્દામાલ ભારતીય બનાવટનો દેશી દારૂ ગુજરાત નશાબંધી (દારૂના નમુના અને જાણ કરેલા દારૂનો જથ્થો નક્કી કરવા બાબત ના) નિયમો, ૨૦૧૨ મુજબ જે નિયમ ૩(૧) (ખ) માં જાણવામાં આવેલ છે તે મુજબ સેમ્પલ લેવામાં આવેલ હોય તેવું જણાય આવતુ નથી. આ સેમ્પલ બે પંચોની હાજરીમાં લેવાનું હોય છે. પરંતુ જો પંચો જ પંચનામા ની હકીકતને સમર્થન કરતાં ન હોય તો સિલીંગ અને એફ.એસ.એલ. માં મોકલવાની પ્રક્રિયા શંકાસ્પદ બની જાય છે. આ કામે કબજે કરેલ મુદ્દામાલ દેશી દારુ છે, તે મોટ ત.ક.અ.શ્રી એ કોઈ સચોટ પુરાવો રજુ કરેલ નથી તેમજ ત.ક. અ.શ્રી દ્વારા સદર કબજે કરેલ મુદ્દામાલ અંગે કોઈ એફ.એસ.એલ. રીપોર્ટ રજુ કરવામાં આવેલ નથી. તેઓ તેમના પુરાવામાં કબજે કરેલ મુદ્દામાલ ની બોટલો સીલબંધ હતી કે કેમ અને તેના પર લેબલ ઓરીજીનલ હતા કે નહી તે અંગે ની પણ કોઈ કાર્યવાહી કરેલ હોવાની કોઈ હકીકત જણાવતા નથી. તેથી કબજે કરેલ મુદ્દામાલ દેશી દારૂ હોવાનું અનુમાન કરી શકાય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષ દ્વારા આ કામે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં સદર ગુનાના કામે કબજે કરવામાં આવેલ દેશી દારૂ આરોપી પાસેથી જ કબજે કરવામાં આવેલ હતો તે માટે ફરીયાદપક્ષનો પુરાવો માની શકાય અને સ્વીકારી શકાય તેવો હોવો જોઈએ તથા મુદ્દામાલ સીલ કરવાની તથા પૃથકરણ માટે મોકલવામાં આવેલ હોવાની કાર્યવાહી પુરવાર કરવી જોઈએ. પરંતુ સદરહુ કેમમાં રજુ પુરાવાને જોતા તેમાં મુદ્દામાલ દારૂ મળ્યા બાદ કરવામાં આવેલ પંચનામાની અને સિલીંગની કાર્યવાહી બાબતે શંકાસ્પદ પુરાવો રેકર્ડ પર આવેલ છે. તેમજ આ કામના સાહેદ પોલીસ વિભાગના અધિકારી હોય એને તેઓ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તેમની ફરજનું કૃત્ય હોય સ્વતંત્ર સાહેદોના પુરાવાના સમર્થન ના અભાવે વિશ્વાસપાત્ર પુરાવા તરીકે શ્વીકારી શકાય નહી એવા સંજોગોમાં મુદ્દા નં. ૧ નુ તથ્ય નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદમાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં. ૧

નકારાત્મક ઠરાવી મુદ્દા નં. ૨ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-::હુકમ::-**

(૧) આ કામના આરોપી વિજયસિંહ પુનભા સોલંકી રહે. ઈન્દીરાપરુ (ભંકોડા), તા.દેત્રોજ, જી.અમદાવાદનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ ૨૭૧(૧) તળે પ્રોહી કલમ-૬૫ એફ મુજબના ગુનામાંથી  નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દેશીદારૂનો અપીલ સમય બાદ નિયમો અનુસાર નાશ કરવો.

(૩) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૧ અન્વયે આરોપીએ આપેલ જામીન છ માસ સુધી ચાલુ રાખવા તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૭મી, માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ-૨૭-૦૩-૨૦૨૬

સ્થળ-દેત્રોજ

(હર્ષ શાંતીભાઈ રાઠોડ)
જ્યુડી.મેજી.ફ.ક., દેત્રોજ,
કોડ નં. જી.જે. ૦૧૭૭૪